
ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરમાં ચેમ્પસ એકેડેમીએ શરૂ કર્યું ઓનલાઈન એજ્યુકેશન

ગાંધીનગર, તા. ૩૧

લોક ડાઉનમાં પણ JEE, NEET તથા CBSE ના કોર્ષની ઘરે બેઠા તૈયારી કરાવતી પાટનગરની પ્રગતિશીલ શૈક્ષણિક સંસ્થા ચેમ્પસ એકેડેમી લોકડાઉનના સમયમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં કોઈ વિક્ષેપ ઊભો ન થાય અને એમનો અભ્યાસ નિર્વિઘ્ને ચાલતો રહે એ માટે ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા ચેમ્પસ એકેડેમીએ ઓનલાઈન એજ્યુકેશનનો અભિનવ પ્રયોગ ૨૫મી માર્ચથી જ શરૂ કરીને એક નવતર ચીલો ચાતર્યો છે. ચેમ્પસ એકેડેમીના વિદ્યાર્થીઓને JEE અને NEETની તૈયારી માટે પ્રતિદિન ચાર કલાકનું સઘન શૈક્ષણિક કાર્ય ઓન લાઈન કરાવવામાં આવે છે એમ ચેમ્પસ એકેડેમીના ડાયરેક્ટર કેવલ ત્રિવેદીએ જણાવ્યું છે.




અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે કોવિડ-૧૯ વાયરસે સમસ્ત વિશ્વને એના વિકરાળ ભરડામાં લઈ લીધું છે ત્યારે કોરોના વાયરસ સામેના જંગમાં લોકડાઉન એકમાત્ર ઉપયુક્ત શસ્ત્ર છે. ભારતના લોક લાડીલા પ્રધાનમંત્રીશ્રીએ રાષ્ટ્રના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે ભારતભરમાં ૨૫ માર્ચથી ૨૧ દિવસ માટે લોક ડાઉન જાહેર કરી દીધું છે. ગુજરાતમાં લોક ડાઉનનો ચુસ્ત અમલ થઈ રહ્યો છે. સ્વાભાવિક રીતે જ નાના-મોટા તમામ વેપાર ધંધા અને શૈક્ષણિક કાર્ય બંધ છે. કોરોના વાયરસના સંક્રમણનું જોખમ બાળકો, યુવાનો તથા વયસ્કો ઉપર સૌથી વધારે રહે છે એટલે સૌથી પહેલા શાળા-કોલેજો અને ટ્યુશન ક્લાસીસ બંધ કરી દેવામાં આવ્યા છે.

ચેમ્પસ એકેડેમીના ડાયરેક્ટર શ્રી કેવલ ત્રિવેદીએ ઓનલાઈન એજ્યુકેશનની વિગતો આપતા જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ વાયરસના સંક્રમણ સામે પ્રત્યેક નાગરિકે જાગૃતિ દાખવી સોશિયલ ડિસ્ટનસિંગનો ઉપચાર અપનાવવાની સમયની માંગ છે ત્યારે લોક ડાઉનનો ચુસ્ત અમલ થાય એ અત્યંત જરૂરી છે. પરંતુ સાથે સાથે વિદ્યાર્થીઓનું ઉજ્જવળ ભવિષ્ય બને એ માટે પણ શૈક્ષણિક જગત સાથે સંકળાયેલા સૌ કોઈએ ચિંતન કરીને નવતર રાહ અપનાવો જોઈએ.

તેમણે કહ્યું કે, ચેમ્પસ એકેડમીના ધોરણ ૬થી ૧૨ના ૧૨૫ થી વધુ વિદ્યાર્થીઓ લોક ડાઉન શરૂ થયું તે દિવસથી એટલે કે, છેલ્લા ૭ દિવસથી ઓનલાઈન તેમનું શૈક્ષણિક કાર્ય પૂરજોશમાં કરી રહ્યા છે. JEE અને NEETની તૈયારી કરતા વિદ્યાર્થીઓની પ્રતિદિન ઓનલાઈન એકઝામ લેવામાં આવે છે. આ ઉપરાંત રોજ એક કલાક વિદ્યાર્થીઓના પ્રોબ્લેમ સોલ્યુશન ઓનલાઈન કરવામાં આવે છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. ચેમ્પસ એકેડેમીના સાત તજજ્ઞ ફેકલ્ટી દિવસ દરમિયાન અલગ-અલગ બેચમાં ૮ થી ૧૦ કલાક વિદ્યાર્થીઓને ઓનલાઈન સઘન અભ્યાસ કરાવી રહ્યા છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. પ્રત્યેક વિદ્યાર્થીને એમની બેચ પ્રમાણે રોજ નિશ્ચિત સમયે ઓનલાઈન બનાવેલા ઈ પ્લેટફોર્મ ઉપર જોડાઈને કલાસ રૂમની જેમ જ અભ્યાસ કરાવવામાં આવે છે. પ્રતિદિન વિદ્યાર્થીઓની ઓન લાઈન એટેન્ડન્સ લેવામાં આવે છે અને ઓન લાઈન ગૃહ કાર્ય આપી તેને ચકાસવામાં આવે છે એમ તેમણે ઉમેર્યું હતું.

ત્રિવેદીએ કહ્યું કે, લોક ડાઉનમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન શૈક્ષણિક કાર્ય કરાવવાનો ગાંધીનગરમાં સૌપ્રથમ અભિનવ પ્રયોગ કરનાર ચેમ્પસ એકેડેમીને ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ઓનલાઈન એજ્યુકેશનના આ અભિનવ પ્રયોગથી ઉત્સાહ અને આનંદ વર્તાય છે. ગાંધીનગરના ઘણાં વાલીઓ એમના બાળકોના ભવિષ્ય માટે ચેમ્પસ એકેડેમીનો ઓનલાઈન સંપર્ક કરી રહ્યા છે. ચેમ્પસ એકેડેમીના આ પ્રગતિશીલ પગલાથી પાટનગરમાં પાંગરી રહેલી આ ઓનલાઈન એજ્યુકેશનની નવતર વિચારધારાને સૌ કોઈ આવકાર આપી રહ્યા છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યની દરકાર રાખીને ઓનલાઈન અભ્યાસ કરાવતી ચેમ્પસ એકેડેમીના આ નવતર પ્રગતિશીલ પગલાથી વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળી રહ્યો છે.




જ્યા સુધી લોક ડાઉન ચાલશે ત્યાં સુધી વિદ્યાર્થીઓ બિલકુલ ઘરની બહાર ન નીકળે પણ એનો અર્થ એ પણ નથી કે તેમના અભ્યાસનો અમૂલ્ય સમય વેડફાઈ જાય. વિદ્યાર્થીઓમાં ઓના લાઈન અભ્યાસની નવ જાગૃતિ આણી ચેમ્પસ એકેડેમી સદાય ઓન લાઈન એમની પડખે હોવાનો વિશ્વાસ પેદા કરી શકી હોવાનો સંતોષ એકેડેમીના ડાયરેક્ટર કેવલ ત્રિવેદીએ વ્યક્ત કર્યો છે.

# સોમાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ દ્વારા ઓનલાઈન લેકચર

ગાંધીનગર, તા. ૩૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત વિદુશ સોમાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ દ્વારા કોરોના વાયરસ ના લીધે થયેલા લોક ડાઉન થી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય બગડે નહીં તે હેતુથી ઓનલાઈન લેક્ચર સિરીઝનું આયોજન કરવામાં આવેલ છે. આ ઓનલાઈન લેક્ચરમાં કલાસરૂમ જેવો જ અનુભવ થાય તે હેતુથી પ્રોફેસર વિદ્યાર્થીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તથા વિડીયો કોન્ફરન્સ મારફતે મોબાઈલ માં અભ્યાસ કરાવવાનો પ્રયત્ન કર્યો છે સાથે સાથે વિદ્યાર્થીઓને મૂંઝવતા સવાલો પણ એ જ લેકચર દરમિયાન પ્રોફેસર સમજાવી શકે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઓનલાઈન લેકચર સીરીઝ બાદ વિદ્યાર્થીઓ ઓનલાઈન એકઝામ આપીને પોતાનું રીઝલ્ટ પણ મેળવી શકે છે સાથે સાથે પોતે આપેલા ખોટા જવાબોના સાચા વિકલ્પો પર ઈ-મેઈલ મારફતે જાણી શકે છે. તાજેતરના સંજોગોને પહોંચી વળવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં રહેતા વિદ્યાર્થીઓ સાથે વન ટુ વન કમ્યુનિકેશન દ્વારા અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.




સંસ્થા દ્વારા કર્મચારીઓ સાથે પણ આ જ ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરીને વિડીયો કોન્ફરન્સ મીટીંગ નું આયોજન કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓનું ભાવિ ઘડતર માટે નું આયોજન કરવામાં આવે છે.

# નાંદોલ ગામના યુવાનાએ સમય કાઢવા ધાબા પરથી પતંગો ચગાવ્યા






ચિલોડા, તા. ૩૧

કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા લોકડાઉનના અમલવારી સંદર્ભે ઘરમાં રહો, સુરક્ષિત રહોના સમર્થનરુપે દહેગામ તાલુકાના નાંદોલ ગામના જાગૃત યુવાનોએ નવતર પ્રયોગમાં ૧૦ યુવાનોએ પોતપોતાના મકાનના ધાબા પરથી પતંગો ચગાવ્યા હતા.


# સાદરા અને ચિલોડામાં રહીશોને આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો




ચિલોડા, તા. ૩૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના સેવક કુટુંબોમાં આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો. કોરોના વાઈરસ (કોવિદ-૧૯)ની પ્રતિક્રિયા માટેની પ્રવૃત્તિ આરોગ્ય કેન્દ્રના ડૉ. નૈનેશ વસાવા અને ડૉ. પ્રવિણ દુલેરા દ્વારા કરવામાં આવી સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઘરઘથ્થું ઉપચારની પ્રવૃત્તિ હાથ ધરાઈ હતી. આ ઉપરાંત ચિલોડા જનકપુરી સોસાયટીના રહીશો દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ હાથ ધરાયું હતું.

## જન્મદિને વધામણી


મયંક દવે


ડો. શંકરસિંહ રાણા


નવનીતલાલ સોમનાથ ભટ્ટ
મો. ૯૯૨૪૮ ૮૩૫૧૬


અશોકકુમાર કે સોલંકી
મો. ૯૮૨૪૨ ૮૫૬૩૩


મુળજીભાઈ પરમાર 'દધિ'
મો. ૯૮૨૪૨ ૩૬૮૯૩



તુષાર જગદીશચંદ્ર દવે
મો. ૮૫૧૧૮ ૮૮૭૧૨


બેલાબેન સંદિપભાઈ વ્યાસ
મો. ૯૪૦૮૭ ૬૦૭૫૯


અંજના
હિતેશકુમાર પરમાર


ધૃવકુમાર
સીતારામભાઈ પટેલ
મો. ૯૮૯૮૦ ૯૫૨૦૦


મોઈનરઝા
મહંમદહબીબ શેખ
મો. ૯૩૨૭૩ ૮૪૯૬૭


ડોલ્સી દીપક પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક


## છૂટક મજૂરી કરતા લોકોને કરિયાણાની કિટ અપાઈ






કોરોનાની મહામારીમાં ઘરે જ રહેવાનું છે. છતાંયે કોઈ ભૂખ્યું સુવે નહિ તે માટે છૂટક મજૂરી કરતા લોકો કરિયાણાની કિટ આપ્યા બાદ આજે મોડાસાના શાકભાજીના વહેપારી પિયુષ ભાઈ પટેલ, તથા અમિત ભાઈ પટેલ, ને શાકભાજી માટે પુંસરીના પૂર્વ સરપંચ હિમાંશુ પટેલ યે વાત કરતા રમેશ કાકાના પરિવારે કોબીજ, ટામેટા, અને રીંગણ ફૂલેવર, જેવી ૧૨૦૦ કિલો (૬૦ મણ) શાકભાજી મળી સફાઈ કામ કરતા મજૂરોને તેનું વિતરણ કર્યું હતું.

# ઈચ્છા ને પરમાત્માના સામર્થ્ય સાથે જોડો



ચૈત્રી નવરાત્રી અનુષ્ઠાનના છઠ્ઠા દિવસે આપ સૌને પ્રણામ્ શ્રીમદ્ ભાગવતના ચોથા અધ્યાયનો એક શ્લોક-મંત્ર છે

'દ્રવ્ય યજ્ઞા,તપો યજ્ઞા,યોગ યજ્ઞાચ્ તથાપરે,
સ્વાધ્યાય,જ્ઞાનયજ્ઞાયચ્ યતઃ શસંતિય રતાઃ'

અર્થાત્ ભગવદ ગીતાના આ શ્લોકનું ભાષ્ય છે કે પાંચ પ્રકારના યજ્ઞ, કોઈ તેને ચાર પણ કહે છે પણ હું તેને પાંચ પ્રકાર કહીશ. દ્રવ્ય, તપ, યોગ, સ્વાધ્યાય અને પાંચમો જ્ઞાન યજ્ઞ. તિક્ષ્ણ વ્રતો સાથે યતિગણ આ યજ્ઞ કરે છે .આજના સંદર્ભમાં વ્યક્તિગત આંતરરાષ્ટ્રીય, જીવનમાં આ પાંચ યજ્ઞ ચાલી રહ્યાં છે.જે ચાલે છે તેને ગતિ આપો અને જેણે શરૂ નથી કર્યા તે કરે. આવો,આપણે સૌ તેનાથી પરિણામ સુધી પહોંચશુ.

દ્રવ્ય યજ્ઞ જે સ્થૂળ રૂપમાં ચાલે છે તે સરાહનીય છે. મારાં માટે નહીં બધા માટે છે સ્વાહા કરવા.. વાહ વાહ કરવા નહીં. ધર્મ થી શરૂ કરીને ઉદ્યોગ સુધીના સૌ કોઈ જે જરૂરિયાતમંદ લોકોની સેવામાં જોડાઈ ગયાં છે. એટલું જ નહીં બીજી વિવિધ પ્રકારની સેવાઓ માં જે જોતરાયેલા છે તેમને ખૂબ ખૂબ સાધુઆત.

બુદ્ધુ પુરુષોના વચનથી બળ મળે છે. વિચાર માત્રથી ન પહોંચી શકાય વિશ્વાસ પણ કરતાં રહીએ. તે આગળ નીકળી જાય પુષ્ટિમાર્ગ કહે છે કે 'ભરોસો દઢ્ ચરનન કેરો.' વિચાર યાત્રા કરે પણ શ્રદ્ધા ન કરે. શિવ બેસી ગયા તર્ક-વિતર્ક છોડી દીધો તેથી તે મુકામ સુધી પહોંચી ગયાં. સંત દાદુ કહે છે' રામનામ મન નીજ ઔષધિ કોટી કોટી. વિચાર, વિષય, વ્યાધિ વ્યાપે ઉબ રહી કાયા કંચન સાર.'ભીતરની ઔષધી કોટી કોટી વિકારને કાઢી નાખે. દુનિયાના ઘણાં દેશોમાં લોકડાઉનથી તપયજ્ઞ પણ ચાલી રહ્યો છે. રામરાજ્ય આવ્યું ત્યારે પણ રોગ, શોક અને ભયનો નાશ થયો હતો.

યોગ ત્રીજો યજ્ઞ છે. તેના ત્રણ પ્રકાર છે વિયોગ, સ્થિર -સંયોગનો યોગ અને ત્રીજો ક્ષમતા પ્રમાણેનો ઉપયોગ. આ પ્રકારના સંકટોનું એક કારણ જડનો ઉપયોગ કરવો જોઈએ અને ચૈતન્ય સાથે પ્રેમ કરવો જોઈએ ,પરંતુ આજે તેનાથી ઊલટું થઈ રહ્યું છે. જડ સંસાધન, દ્રવ્ય-ભૌતિક સાધનો વગેરે સાથે મોહ છે.સજીવ વ્યક્તિઓ સાથે નથી.

જ્ઞાન યજ્ઞ છે. તેથી સાંપ્રત સમય અધ્યયનનો સમય છે. તે પણ એક યજ્ઞ છે જ્ઞાન યજ્ઞ અને સ્વાધ્યાય બંને એમ તો એક જ છે. પરંતુ તેમાં થોડો ભેદ છે. સ્વ અધ્યયન એટલે સ્વાધ્યાય. જ્યારે જ્ઞાન એટલે એમા માહિતી પણ આવી જાય. કોઈ મુમુક્ષુને પૂછેલું કે ઈન્ફર્મેશન અને નોલેજમાં શું તફાવત મેં જવાબ વાળેલો કે માહિતી એ માર્ગ છે અને જ્ઞાન એ મંઝિલ છે. આમ સ્વાધ્યાય અને જ્ઞાન પણ ચાલી રહ્યું છે. વિનય પત્રિકા કહે છે સૂર્ય પરમાત્માની આંખ છે જ્યારે ચંદ્ર મન છે. તે પરમાત્માથી વિમૂખ થયાં માટે ભટકી રહ્યાં છે. ઈચ્છા અને પરમાત્માનું સામર્થ્ય જો જોડાઈ જાય તો પરિણામ સુધી સરળતાથી પહોંચી શકાય.

આજની હરિકથા શ્રી શોભિતભાઈ દેસાઈના એક લેખમાંથી મળી છે. એક ભિખારી એક મંદિર પાસે રોજ ઊભો રહેતો. કૃષ્ણ અને અર્જુન તેને મળે છે. અર્જુન તેને ભિક્ષામાં ઘણું બધું દ્રવ્ય આપે છે. ભિખારી રાજી થઈને ઘર તરફ જઈ રહ્યો છે્ ને કોઈ ઠગ એ બધુ લૂંટી જાય છે .ભિખારી પોતાની પત્નીને ઘરે જઈને આ વાત કરે છે. તે તેના માટે શોક ન કરવા જણાવે છે. ફરી ભિક્ષા માટે તે કટીબદ્ધ થઈ પહોંચે છે. બીજા દિવસે ફરી ભીખારીને આવેલો જોઈને અર્જુન તેને એક મોટો હીરો આપે છે, જે તે પોતાના ઘરે જઈ અવાવરૂ માટલામાં મૂકી દે છે .તેની પત્ની તે માટલું લઈ કૂવામાં પાણી ભરવા જાય છે. ત્યારે હીરો તેમાંથી નીકળીને પાણીમાં ગરકાવ થઈ જાય છે. ભિખારી ફરી ખૂબ દુઃખી થાય છે. ફરી પાછો ભીખ માંગવા જાય છે ત્યારે ભગવાન કૃષ્ણ કહે છે 'કોઈને આપવાથી પદાર્થ આપી શકાય, પ્રારબ્ધ નહીં. કૃષ્ણ ભગવાન તેને બે પૈસા આપે છે. એક માછીમાર ભિખારીને સામે મળે છે. માછીમારની માછલી છોડી દેવાં માટે ભિખારી તેને બે પૈસા આપી દે છે. માછલી જેવી કૂવામાં નાખવામાં આવે છે એટલે અંદર ગયેલો હીરો બહાર આવે છે.હીરો લઈને જ્યારે તે ઘર તરફ જઈ રહ્યો છે. ત્યારે પેલો ઠગ પોતે પકડાઈ જવાની બીકે તે દ્રવ્ય પણ તેને આપી દે છે. આમ તેને બધું પ્રાપ્ત થાય છે. પણ તે ક્યારે પ્રારબ્ધથી જ.કૃષ્ણ ભગવાન પ્રારબ્ધનું મહત્ત્વ સમજાવે છે. જો બોલે સો હરિ કથા. આજ બસ આટલું જ.

જય સીયારામ.

સંકલન - તખુભાઈ સાંડસુર